GJBN060001392026

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| કેસ રજીસ્ટર્ડ તારીખ | ૧૮/૦૨/૨૦૨૬ |
| કેસ ફેસલ તારીખ | ૩૧/૦૭/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ – ૦૫ – ૧૩ |

**આંક– ૩૦**

**::નમૂના–અ::**

**ગારીયાધારના મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ શ્રી એચ.આર.ઠકકર સાહેબની કોર્ટમાં, મુ.ગારીયાધાર, જી.ભાવનગર**

| | |
|---|---|
| ચુકાદાની તારીખ | તા.૩૧/૦૭/૨૦૨૬ |
| ફો.કે.સંખ્યા | સી.સી. નં.–**૭૦/૨૦૨૬** |

| ગુનાની વિગત | |
|---|---|
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩),૮૫, ૫૪ |
| પ્ર.માહિતી અહેવાલ સંખ્યા | ૧૧૧૯૮૦૧૯૨૫૦૪૯૮/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | ગારીયાધાર પોલીસ સ્ટેશન,ગારીયાધાર,જી.ભાવનગર. |
| ફરિયાદપક્ષ | **સરકારશ્રી/ફરીયાદીનું નામઃ–**<br>**ઈલાબેન વા/ઓ અશ્વિનભાઈ માધાભાઈ વિરાશ,**<br>જાતે–અનુ.જાતી,ઉ.વ.૨૨,<br>રહે. સાતપડા,ગારીયાધાર,જી.ભાવનગર<br>હાલ. મફતપરા વિસ્તાર,ગારીયાધાર,જી.ભાવનગર |
| રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી આર.ડી.સેજુ |
| આરોપી પક્ષ | **(૧) અશ્વિનભાઈ માધાભાઈ વીરાશ,**<br>જાતે–અનુ.જાતી, ઉ.વ.૨૬,<br>**(૨) માધાભાઈ નાનજીભાઈ વીરાશ,**<br>જાતે–અનુ.જાતી, ઉ.વ.૫૮,<br>**(૩) લીલાબેન વા/ઓ માધાભાઈ નાનજીભાઈ વીરાશ,**<br>જાતે–અનુ.જાતી, ઉ.વ.૫૦,<br>**(૪) ભીખાભાઈ હમીરભાઈ વીરાશ,**<br>જાતે–અનુ.જાતી, ઉ.વ.૬૦,<br>રહે તમામ. સાતપડા ગામ,તા.ગારીયાધાર,જી.ભાવનગર |

| | |
|---|---|
| રજૂઆત | આરોપી તરફે– વિ.વ.શ્રી એસ.એ.સોલંકી |

**::નમૂના–બ::**

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૦૬/૧૨/૨૦૨૫ |
| પ્ર.માહિતી અહેવાલની તારીખ | તા.૧૬/૧૨/૨૦૨૫ |
| ચાર્જશીટ ની તારીખ | તા.૧૬/૦૨/૨૦૨૬ |
| તહોમતનામાની તારીખ | તા.૩૦/૦૩/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | તા.૨૭/૦૪/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | તા.૩૧/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | તા.૩૧/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો ) | લાગુ પડતી નથી. |

**::આરોપી ની વિગત::**

| આરોપી નું અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ / સજા કરી | કરવા માં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સ મયગાળો ફો.કા.સંહિતા ની કલમ:૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | અશ્વિનભાઈ માધાભાઈ વિરાશ | નામ.સુપ્રીમ કોર્ટના અર્નેશકુમાર વિ.બિહાર રાજ્યના ચુકાદામાં આપેલ સુચના મુજબ આરોપીને અટક કરવામાં આવેલ નથી. | – | ભારતીય ન્યાય સંહિતાની કલમ– ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩) ,૮૫, ૫૪ | નિર્દોષ | નથી | નથી. |
| (૨) | માધાભાઈ નાનજીભાઈ વિરાશ | | – | | | | |
| (૩) | લીલાબેન વા/ઓ માધાભાઈ નાનજીભાઈ વિરાશ | | – | | | | |
| (૪) | ભીખાભાઈ હમીરભાઈ વિરાશ | | – | | | | |

**::નમૂનો ક::**

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના સાક્ષીની યાદી**

**અ.ફરિયાદપક્ષ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ફ.સ.૧ | ૧૨ | સંજયભાઈ ભગવાનભાઈ વણઝારા | પંચ |
| ફ.સ.ર | ૧૪ | જગદિશભાઈ દીનેશભાઈ વણઝારા | પંચ |
| ફ.સ.૩ | ૧૫ | અનીલભાઈ ઉર્ફે અનુભાઈ મંગળાભાઈ વિરાશ | પંચ |
| ફ.સ.૪ | ૧૭ | હરીભાઈ ભીખાભાઈ વિરાશ | પંચ |
| ફ.સ.૫ | ૧૮ | રમેશભાઈ ગોબરભાઈ પરમાર | સાહેદ |
| ફ.સ.૬ | ૧૯ | નીખીલભાઈ રમેશભાઈ પરમાર | સાહેદ |
| ફ.સ.૭ | ૨૦ | રાધાબેન નીખીલભાઈ પરમાર | સાહેદ |
| ફ.સ.૮ | ૨૭ | ઈલાબેન અશ્વિનભાઈ વિરાશ | ફરીયાદી |

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | નથી | નથી |
| બ.સ.ર | નથી | નથી |

**ક.બચાવ પક્ષ**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | નથી | નથી |
| ન્યા.સ.ર | નથી | નથી |

નોંધ – ઉપરોકત સાક્ષીના પુરાવાના પ્રકારમાં લાગુ પડતો પુરાવાનો પ્રકાર જેમ કે,નજરે નજર જોનાર સાક્ષી (પ્ર ત્યક્ષ સાક્ષી),પોલીસ સાક્ષી,નિષ્ણાંત સાક્ષી,તબીબી સાક્ષી,પંચ સાક્ષી,અન્ય સાક્ષી તરીકે સંબોધવું.

**ફરિયાદી /બચાવ /ન્યાયાલયના આંક– ની યાદી**

**અ.ફરિયાદ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ૧૩ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૨. | ૧૬ | શરીર સ્થિતિનું પંચનામુ |
| ૩. | ૨૮ | ફરીયાદ |
| ૪. | ૨૯ | કલોઝીંગ પુરસીસ |

**બ.બચાવ**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ૬–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ૬–૨/ફ.સ.૨ – | – |

**ક.ન્યાયાલય આંક**

| અનુ ક્ર. | આંક સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | આંક ૬–૧/ફ.સ.૧ – | – |
| ૨. | આંક ૬–૨/ફ.સ.૨ – | |

**ડ.ભૌતિક પદાર્થ:**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | – | – |

## //ચૂ કા દો//

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી નાઓએ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૦/૦૦ વાગ્યે સાતપડા ગામે આ કામના ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી મારા મારી કરી જાનથી મારવાની ધમકી આપી તેમજ કરીયાવર બાબતે મેણા ટોણા મારી તેમજ શારીરીક અને માનસિક ત્રાસ આપી તમામ આરોપીઓ ગુન્હામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩), ૮૫, ૫૪ મુજબનો ગુનો કરી જેની ફરીયાદ ફરીયાદીએ આપતા આ કામે તપાસ કરનાર અમલદારે જરૂરી પંચનામાઓ કરી તેમજ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા સદરહું કામે આરોપી સામે ચાર્જશીટ રજુ કરેલ.

(૨) આ કામે ચાર્જશીટ આવ્યા બાદ નામ.કોર્ટ તરફથી આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવામાં આવતા આરોપીને સમન્સ બજી ગયેલ હોય આરોપી નામ.કોર્ટમાં હાજર થયેલ છે. આ કામે આરોપીને પોલીસ તપાસના કાગળોની તમામ નકલો ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડયાની ખાતરી કર્યા બાદ **આંક– ૦૪ થી** તહોમતનામુ ફરમાવી,સદર

આરોપીની **આંક– ૦૫ થી ૦૮** થી ઉપરોકત ગુનાના કામે પ્લી લેતાં આરોપીઓને સદરહુ ગુનો કબુલ ન હોવાનું જણાવતા, જેથી સદરહુ કામ ફરિયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) કેસની હકીકતો તેમજ રેકર્ડ પર પડેલ પૂરાવો ધ્યાને લેતાં આરોપી સામે ક્રીમી. પ્રોસી. કોડની કલમ ૩૧૩ મુજબનું નિવેદન લેવા જેવો પૂરાવો જણાઈ આવેલ હોઈ,જેથી ક્રિમી.પ્રો.કોડની કલમ:૩૧૩ મુજબનું નિવેદન નોંધવામાં આવેલ છે.બચાવપક્ષે કોઈ પુરાવો રજુ થયેલ નથી. ત્યાર બાદ બંને પક્ષોની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૪) સદરહુ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

:::-- મુદ્દા --::

| | |
|---|---|
| (૧) | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપી નાઓએ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૦/૦૦ વાગ્યે સાતપડા ગામે આ કામના ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી મારા મારી કરી જાનથી મારવાની ધમકી આપી તેમજ કરીયાવર બાબતે મેણા ટોણા મારી તેમજ શારીરીક અને માનસિક ત્રાસ આપી તમામ આરોપીઓ ગુન્હામાં એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૩), ૮૫, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ... ? |

(૫) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબો નીચે મુજબ છે. :

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**<u>મુદ્દા નં.૧ અને ૨ અંગે :–</u>**

આ કામે બંન્ને મુદ્દાઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયંલા હોવાથી હકીકતોનુ પુનરાવર્તન ન થાય અને સરળતા રહે તે હેતુ થી બંને મુદ્દાઓની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

( ૦૬ ) ફરિયાદ પક્ષે **આંક–૧૨ થી પંચ સંજયભાઈ ભગવાનભાઈ વણઝારા તથા આંક–૧૪ થી જગદીશભાઈ દીનેશભાઈ વણઝારાને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદોએ જણાવેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી આ પંચનામા કઈ બાબતના હતા તેની તેઓને ખબર નથી. જે પંચનામું **આંક– ૧૩** થી રજુ છે. આ સિવાય બીજું કંઇ જાણતા નહી હોવાનું જણાવેલ છે. સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરતો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, સદર સાહેદોને ફરી ગયેલા જાહેર કરાયેલ છે. વધુમાં, વિ.એ.પી.પી.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ બચાવપક્ષ તરફે કોઇ સમર્થનકારી હકીકત બહાર લાવી શકેલ નથી.

( ૦૭ ) ફરિયાદ પક્ષે **આંક–૧૫ થી પંચ અનીલભાઈ ઉર્ફે અનુભાઈ મંગળાભાઈ વિરાશ તથા આંક–૧૭ થી હરીભાઈ ભીખાભાઈ વિરાશને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદોએ જણાવેલ છે કે પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધેલી આ પંચનામા કઈ બાબતના હતા તેની તેઓને ખબર નથી. જે પંચનામું **આંક– ૧૬** થી રજુ છે. આ સિવાય બીજું કંઇ જાણતા નહી હોવાનું જણાવેલ છે. સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરતો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, સદર સાહેદોને ફરી ગયેલા જાહેર કરાયેલ છે. વધુમાં, વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ બચાવપક્ષ તરફે કોઇ સમર્થનકારી હકીકત બહાર લાવી શકેલ નથી.

( ૦૮ ) ફરિયાદ પક્ષે **આંક–૧૮ થી સાહેદ રમેશભાઈ ગોબરભાઈ પરમાર ને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદે કશું જાણતો નથી તેમ જણાવેલ છે સદર સાહેદને એ.પી.પી.શ્રી દ્વારા **ફરી ગયેલા** જાહેર કરેલ છે સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરતો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ બચાવપક્ષ તરફે કોઇ સમર્થનકારી હકીકત બહાર લાવી શકેલ નથી.

( ૦૯ ) ફરિયાદ પક્ષે **આંક–૧૯ થી સાહેદ નીખીલભાઈ રમેશભાઈ પરમાર ને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદે કશું જાણતો નથી તેમ જણાવેલ છે સદર સાહેદને એ.પી.પી.શ્રી દ્વારા **ફરી ગયેલા** જાહેર કરેલ છે સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરતો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ બચાવપક્ષ તરફે કોઈ સમર્થનકારી હકીકત બહાર લાવી શકેલ નથી.

( ૧૦ ) ફરિયાદ પક્ષે **આંક–૨૦ થી સાહેદ રાધાબેન નીખીલભાઈ પરમાર ને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદે કશું જાણતો નથી તેમ જણાવેલ છે સદર સાહેદને એ.પી.પી.શ્રી દ્વારા **ફરી ગયેલા** જાહેર કરેલ છે સદર પંચ સાહેદોએ ફરીયાદપક્ષને સમર્થન કરતો લેશમાત્ર પુરાવો રજુ રાખેલ નથી. વધુમાં, વિ.વ.શ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ બચાવપક્ષ તરફે કોઈ સમર્થનકારી હકીકત બહાર લાવી શકેલ નથી.

(૧૧) ફરિયાદ પક્ષે **આંક–૨૭ થી ફરીયાદી ઈલાબેન અશ્વિનભાઈ વિરાશને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદે જણાવેલ છે કે મે તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જેમાં મે જણાવેલ કે હું મારા લગ્ન અશ્વિનભાઈ માધાભાઈ વિરાશ સાથે થયેલા અને મારા સાસરીયા પક્ષના માણસો મારા પિયર પક્ષના માણસોને અવારનવાર ફોનથી અથવા રૂબરૂ મળી માથાકુટ કરતા હોય જેથી મે આવેશમાં આવી મારા સાસરીયા વિરૂધ્ધ તથા મારા પતિ સામે ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જેને રજુ દાખલ **આંક ૨૮** આપવામાં આવે છે.હું હાલ પાલીતાણા મુકામે જીતુભાઈ લાલજીભાઈ સરવૈયાના ઘરે રાજી ખુશીથી મારી મરજીથી રહુ છું. સદર સાહેદને એ.પી.પી.શ્રી દ્વારા **ફરી ગયેલા જાહેર** કરવામાં આવેલ છે ત્યારબાદ ઉલટતપાસની પરવાનગી આપતા સદર સાહેદે ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે અમારે પતિ સાથે તથા મારા સાસરી વાળા સાથે ફક્ત સામાન્ય બોલાચાલીનો જ બનાવ બનેલો તે સિવાય બીજુ કંઈ બનેલ નહી. એ વાત ખરી છે કે, હાલમાં હુ પાલીતાણા મારી મરજીથી રહું છુ. એ વાત ખરી છે કે મારે મારા પતિ પાસેથી છુટાછેડા મેળવવા છે.

## ( ૧૨ ) <u>સાહેદોની જુબાનીનું પુરાવાકિય મુલ્યાંકન :–</u>

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે જે સાહેદોને તપાસવામા આવેલ છે તે પૈકી **આંક–૨૭ થી ફરીયાદી ઈલાબેન અશ્વિનભાઈ વિરાશને** સોગંદ ઉપર તપાસેલા છે. સદરહું સાહેદે જણાવેલ છે કે મે તા.૧૬/૧૨/૨૦૨૫ ના રોજ ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી જેમાં મે જણાવેલ કે હું મારા લગ્ન અશ્વિનભાઈ માધાભાઈ વિરાશ સાથે થયેલા અને મારા સાસરીયા પક્ષના માણસો મારા પિયર પક્ષના માણસોને અવારનવાર ફોનથી અથવા રૂબરૂ મળી માથાકુટ કરતા હોય જેથી મે આવેશમાં આવી મારા સાસરીયા વિરૂધ્ધ તથા મારા પતિ સામે ફરીયાદ આપેલી.આમ, ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય, તેઓને **ફરી ગયેલા** સાહેદ જાહેર કરવામાં આવેલ છે. ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ પરવાનગીથી ઉલટતપાસ કરેલ તેમ છતાં ફરીયાદીએ તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી અને બચાવપક્ષ દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકાર કરેલ છે કે,એ વાત ખરી છે કે **અમારે પતિ સાથે તથા મારા સાસરી વાળા સાથે ફક્ત સામાન્ય બોલાચાલીનો જ બનાવ બનેલો તે સિવાય બીજુ કંઈ બનેલ નહી.** એ વાત ખરી છે કે, **હાલમાં હુ પાલીતાણા મારી મરજીથી રહું છુ.** એ વાત ખરી છે કે **મારે મારા પતિ પાસેથી છુટાછેડા મેળવવા છે**. ત્યારબાદ ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા પંચોએ તેઓના પુરાવામાં રજુ તૈયાર પંચનામામાં સહી કર્યા સિવાય બીજું કશું જાણતાં ન હોવાની હકીકત જણાવેલ છે. તેઓને પણ સરકારશ્રી તરફે **વિમુખ** થયેલા જાહેર કરવામાં આવેલ છે.

વધુમાં આ કામે **આંક– ૧૩ થી** બનાવવાળી જગ્યાનું પંચનામું, **આંક–૧૬ થી** શરીર સ્થિતિના પંચનામા બાબતે પણ પંચો તે પંચનામાઓને સમર્થન કરતો પુરાવો આપેલ ન હોય અને સરકારશ્રી તરફે **વિમુખ જાહેર** થયેલ હોય, જેથી ઉપરોકત તમામ પંચનામાઓ પુરવાર થયેલા માની શકાય નહી.

( ૧૩ ) વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે 'Satish mehra vs. Delhi Administration' (1996 JCC 507) In Satish Mehta vs Delhi Administration ના ચુકાદામાં ઠરાવેલ છે કે, It was held by the Hon'ble

Supreme court of India that' when the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the court should not be wasted for holding of trial, only for the purpose of formally completing the prouncement of the conclusion on a future date if the case ends with acquittal after examine the witness it is better to drop the other witnesses it gains a lot of time of the court and save much human effect and cost and also provide the speedy remedy.

આમ, ઉપરોકત નામ.સુપ્રિમકોર્ટના ચુકાદાઓને ઘ્યાને રાખીને પણ જયારે કેસમાં આરોપીને સજા થવાની કોઈ શકયતાઓ જ રહેલ નથી તેવા સંજોગોમા માત્ર પ્રોસીજર પુરી કરવા સારૂ ટ્રાયલ પુરી કરવી જરૂરી નથી.

(૧૨) આમ, ઉપરોકત ફરીયાદપક્ષના સાહેદો (ફરીયાદી) ફરીયાદ હકીકત મુજબની હકીકત જણાવતાં ન હોય અને તદ્દન વિપરીત હકીકત જણાવતાં હોય તથા સાહેદોને સરકારશ્રી તરફે **વિમુખ** થયેલા જાહેર કરવામાં આવેલ હોય જેથી સાહેદોની જુબાનીથી ફરીયાદને સમર્થન મળતું નથી. ફરીયાદ પક્ષે **આંક–૨૯** થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.વધુમાં ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ સાહેદોનો પુરાવો રજુ થયેલ નથી તેમજ જયારે ફરીયાદી તથા પંચો ખુદ તેઓની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ ન હોય ત્યારે અન્ય કોઈ સાહેદના પુરાવાનું મહત્વ રહેતુ નથી. આમ, હાલના કામે ફરીયાદીની જુબાની જોતાં, કહેવાતા બનાવમાં આરોપીઓ સામે ફક્ત સામાન્ય બોલાચાલી થયેલ છે તે સિવાય બીજુ કંશુ બનેલ નથી તે સંજોગોમાં આ કામના આરોપી નાઓએ તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ કલાક ૨૦/૦૦ વાગ્યે સાતપડા ગામે આ કામના ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો આપી મારા મારી કરી જાનથી મારવાની ધમકી આપી તેમજ કરીયાવર બાબતે મેણા ટોણા મારી તેમજ શારીરીક અને માનસિક ત્રાસ આપી તમામ આરોપીઓ ગુન્હામાં એકબીજાની મદદગારી કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨),૩૫૨, ૩૫૧(૩), ૮૫, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ હોવાનું રજુ થયેલ પુરાવાથી પુરવાર થતુ ન હોય, ફરીયાદપક્ષ

આરોપીઓ વિરૂદ્ધના ગુન્હાનું એકપણ તત્ત્વ રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલા હોય, મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરું છું.

**:: હુ ક મ ::**

(૧) આ કામના આરોપીઓ **(૧) અશ્વિનભાઈ માધાભાઈ વીરાશ,** જાતે–અનુ.જાતી, ઉ.વ.૨૬, **(૨) માધાભાઈ નાનજીભાઈ વીરાશ,** જાતે–અનુ.જાતી, ઉ.વ.૫૮, **(૩) લીલાબેન વા/ઓ માધાભાઈ નાનજીભાઈ વીરાશ,** જાતે–અનુ.જાતી, ઉ.વ.૫૦, **(૪) ભીખાભાઈ હમીરભાઈ વીરાશ,** જાતે–અનુ.જાતી, ઉ.વ.૬૦, રહે તમામ. સાતપડા ગામ,તા.ગારીયાધાર,જી.ભાવનગર નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ (૨) મુજબ, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ– ૧૧૫(૨), ૩૫૨,૩૫૧(૩), ૮૫, ૫૪ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દરેક આરોપીઓએ અપીલ અદાલતમાં હાજર રહેવાના બી.એન.એસ.એસ.–૨૦૨૩ ની કલમ–૪૮૧ મુજબના રૂા.૫,૦૦૦/– ના જામીન તથા જાતમુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–૩૧મી, માહે–જુલાઇ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી તથા સિક્કો કરી જાહેર કર્યો.

તા. ૩૧/ ૦૭/૨૦૨૬
સ્થળઃ– ગારીયાધાર

**(હિતેષકુમાર રસીકલાલ ઠક્કર)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ગારીયાધાર,જી.ભાવગનર.
યુનીક જજ કોડ– ૦૧૪૪૮